**Government Arts and Commerce College, Ahwa (Dang)**
Affiliated to Veer Narmad South Gujarat University, Surat
(Year of Establishment 1983)
Email: gaccahwa@gmail.com, Phone No. 02631-220265
Web.: https://gaccahwa.gujgov.edu.in

૪૪૦
૦૩/૦૮/૨૬

તા. 03/08/2026

પ્રતિ, આચાર્યશ્રી,

સરકારી વિનયન કોલેજ, સુબીર, જી. ડાંગ.

વિષય: KCG SSIP 2.0 માર્ગદર્શિકા અંતર્ગત સંયુક્ત ઓરિએન્ટેશન પ્રોગ્રામના આયોજન અંગે.

આદરણીય સર,

સવિનય જણાવવાનું કે નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત (KCG) અને SSIP 2.0 ની નીતિ અનુસાર, જે કોલેજોમાં સ્વતંત્ર SSIP સેલ કે ગ્રાન્ટ ઉપલબ્ધ નથી, તેવી સંસ્થાઓના વિદ્યાર્થીઓને પણ ઇનોવેશન, સ્ટાર્ટઅપ અને આઇપીઆર (IPR) ની પ્રવૃત્તિઓ સાથે જોડીને પ્રોત્સાહિત કરવાનો સ્પષ્ટ નિર્દેશ છે. આ જ સંદર્ભ હેઠળ અમારી સંસ્થા, **સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, આહવા** નો SSIP સેલ આપની કોલેજના વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શક (Mentorship/Outreach) તરીકે સહયોગ આપવા ઇચ્છે છે. આ યોજનાના પ્રચાર-પ્રસાર અને વિદ્યાર્થીઓને માહિતગાર કરવાના હેતુથી અમારી ટીમ દ્વારા આપની કોલેજમાં આવતીકાલે એટલે કે **તારીખ ૦૪/૦૮/૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યે** એકદિવસીય ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવાની દરખાસ્ત રજૂ કરીએ છીએ. આ કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને SSIP 2.0 ની નીતિઓ, નવા વિચારો (PoC/Prototype) માટે મળતી નાણાકીય સહાય, આઇપીઆર ફાઇલિંગ પ્રક્રિયા તથા KCG પોર્ટલ પર રજિસ્ટ્રેશન અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવશે, જેથી આપની કોલેજના વિદ્યાર્થીઓ પણ આ સરકારી યોજનાનો પૂરેપૂરો લાભ મેળવી શકે. આથી આપશ્રીને નમ્ર વિનંતી છે કે KCG SSIP 2.0 ના આદેશાનુસાર આપની કોલેજના વિદ્યાર્થીઓના હિતમાં આવતીકાલે સવારે ૧૦:૦૦ વાગ્યે આ ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજવા માટે યોગ્ય મંજૂરી તથા હોલની વ્યવસ્થા પૂરી પાડવા કૃપા કરશો.

SSIP કો-ઓર્ડીનેટર

આચાર્યશ્રી
સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ
આહવા, જિ.ડાંગ

જાવક નં./ ૪૪૦/ ૦૩/૦૮/૨૬
સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ
આહવા, જિ.ડાંગ, તા.૦૩/ ૦૮/૨૦૬